# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ

## ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય સર્વેક્ષણમાં તમારું સ્વાગત છે

**કૃપા કરીને તમારી ભાષા નીચે પસંદ કરો:**

- ○ English
- ○ عَرَبِيّ [Arabic]
- ○ Tiếng Việt [Vietnamese]
- ○ 简体中文 [Mandarin]
- ○ Laiholh [Hakha Chin]
- ○ हिन्दी [Hindi]
- ○ ελληνικά [Greek]
- ○ 日本語 [Japanese]
- ○ af Soomaali [Somali]
- ○ Türkçe [Turkish]
- ○ ਪੰਜਾਬੀ [Punjabi]

# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ

**૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય સર્વેક્ષણમાં તમારું સ્વાગત છે**

કૃપા કરીને નીચે તમારા બાળકની શાળાનું નામ લખીને શરૂ કરો, પછી ડ્રોપ-ડાઉન સૂચિમાંથી યોગ્ય શાળા પસંદ કરો.

**શાળાનું નામ:** [ફક્ત શાળાનું નામ, પ્રાંગણ નહીં]

કૃપા કરીને તમારા બાળકની શાળાનું નામ લખવાનું શરૂ કરો

[જો શાળાનાં એકથી વધુ પ્રાંગણ ન હોય તો, જાતે જ પસંદ થતું એક જ પ્રાંગણનું નામ નીચે દર્શાવો]

[જો શાળાનાં એકથી વધુ પ્રાંગણ હોય તો, માતાપિતા/સંભાળકર્તાએ નીચે આપેલી આપોઆપ દેખાતી સૂચિમાંથી પ્રાંગણનું નામ પસંદ કરવું]

**પ્રાંગણનું નામ:**

- [પ્રાંગણનું નામ #1]
- [પ્રાંગણનું નામ #2]
- [વગેરે]

**તમારા બાળકની શાળાનું નામ છે:**
[શાળા અને પ્રાંગણનું નામ]

કૃપા કરીને તમારા બાળકની શાળાએ આપેલી તે શાળાની પિન (PIN) નીચે દાખલ કરો.

**શાળાની પિન (૬ કે ૮ આંકડા):**

કૃપા કરીને શાળાની પિન દાખલ કરો

# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ

[Error if PIN doesn't match school name: તમે દાખલ કરેલી સર્વેક્ષણ પિન ખોટી છે. કૃપા કરીને સાચી સર્વેક્ષણ પિન મેળવવા તમારા બાળકની શાળાનો સંપર્ક કરશો.]

[Error if survey times out after 60 minutes: એક કલાક સુધી ઉપયોગ ન થવાને કારણે સર્વેક્ષણનો સમય સમાપ્ત થઇ ગયો છે.. કૃપયા આગળ ચાલુ રાખવા સર્વેક્ષણમાં ફરીથી લોગઇન કરો]

**૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય સર્વેક્ષણમાં તમારું સ્વાગત છે**

કૃપા કરીને પુષ્ટિ કરો કે તમે **[શાળા અને પ્રાંગણનું નામ]**માં એક બાળકનાં માતાપિતા/સંભાળકર્તા છો અને તમને સર્વેક્ષણમાં ભાગ લેવા માટે શાળા દ્વારા વિનંતી કરવામાં આવી છે:

- હા
- ના

[If parent selects 'No': કૃપા કરીને તમારી શાળાની વિગતો તપાસશો - તમને સર્વેક્ષણની પિન મોકલી હોય તે શાળા તમારે પસંદ કરવાની છે.]

વેંચાણ કરવી નહીં

નમસ્તે [શાળા અને પ્રાંગણનું નામ]નાં વિદ્યાર્થીના માતાપિતા/સંભાળકર્તા

# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ

પૃષ્ઠ ૧ કુલ ૭

## ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય સર્વેક્ષણમાં તમારું સ્વાગત છે

માતાપિતા અને સંભાળકર્તાઓનાં અભિપ્રાયો, અમારો શાળા સમુદાય વિદ્યાર્થીઓની જરૂરિયાતોને કેટલી સારી રીતે પૂર્ણ કરી રહ્યો છે, તે દર્શાવતું એક મહત્ત્વપૂર્ણ સૂચક છે. સર્વેક્ષણ તમને તમારાં બાળકનાં અભ્યાસ અને તેમની શાળા વિશે પ્રશ્નો પુછશે. આ અગત્યનાં સર્વેક્ષણમાં તમારાં યોગદાનની અમે પ્રસંશા કરીએ છીએ.

શિક્ષણ ખાતું સર્વેક્ષણના પરિણામોનો ઉપયોગ સંશોધન હેતુઓ માટે અને વિદ્યાર્થીઓ માટે પરિણામોની સુધારણા માટે કરશે. શાળાઓ આ પરિણામોનો ઉપયોગ શાળા સુધારાત્મક પહેલોને ટેકો આપવા માટે કરશે.

ભાગ લેવો મરજિયાત છે અને સર્વેક્ષણ પૂર્ણ કરતાં આશરે ૧૫-૨૦ મિનિટો લાગવી જોઇએ.

આ સર્વેક્ષણનાં તમારાં જવાબો અનામી રહેશે અને સર્વેક્ષણનાં પરિણામો પરથી કોઇ વ્યક્તિને ઓળખી શકાશે નહીં. શિક્ષણ ખાતા તરફથી ઓઆરઆઇએમએ રિસર્ચ આ સર્વેક્ષણ હાથ ધરી રહ્યું છે. ઓઆરઆઇએમએ (ORIMA) રિસર્ચ ગોપનીયતા અધિનિયમ ૧૯૮૮માં સમાવિષ્ટ ઓસ્ટ્રેલિયાનાં ગોપનીયતા સિદ્ધાંતો હેઠળ તમારા અધિકારોનો આદર કરે છે અને તેને સમર્થન આપે છે. ઓઆરઆઇએમએ રિસર્ચ ગોપનીયતા (બજાર અને સામાજિક સંશોધન) સંહિતા ૨૦૨૧ તેમજ સંબંધિત રાજ્ય અને પ્રદેશ કાયદાનું પણ પાલન કરે છે. ઓઆરઆઇએમએ રિસર્ચની આખી ગોપનીયતા નીતિ વાંચવા, અહિં ક્લિક કરો (ફક્ત અંગ્રેજી આવૃત્તિ)


### સુચનાઓ

- જવાબ આપતાં પહેલાં દરેક પ્રશ્નને ધ્યાનથી વાંચશો.
- તમે આપવા માંગતા હોવ તે જવાબ રજૂ કરતો વિકલ્પ ક્રમિક શ્રેણી પર પસંદ કરો. આ વિવિધ ઉપકરણો પર જુદું-જુદું દેખાશે.
  - **જો કોમ્પ્યુટર પર કે લેપટોપ પરથી સર્વેક્ષણ ભરી રહ્યાં હોવ તો:** દાખલા તરીકે, જો તમે સંમત થાઓ છો કે કચરો ફેંકવા પર પ્રતિબંધ મૂકવો જોઇએ, તો તમે નીચે દર્શાવ્યા પ્રમાણે 'સંમત' પસંદ કરશો.

EXAMPLE QUESTION

| | Strongly Disagree | Disagree | Neither Agree nor Disagree | Agree | Strongly Agree |
|---|---|---|---|---|---|
| a Littering should be prohibited | ○ | ○ | ○ | ● | ○ |

- ○ **જો મોબાઇલ ફોન પરથી સર્વેક્ષણ ભરી રહ્યાં હોવ તો**: દાખલા તરીકે, જો તમે સંમત થાઓ છો કે કચરો ફેંકવા પર પ્રતિબંધ મૂકવો જોઇએ, તો તમે નીચે દર્શાવ્યા પ્રમાણે ડ્રોપ-ડાઉન મેન્યુ પર 'કૃપયા પસંદ કરો' પર ક્લીક કરશો અને 'સંમત' પસંદ કરશો.




- કૃપા કરીને નોંધ લેશો કે 'સંમત પણ નહિ ને અસંમત પણ નહિ' એવો વિકલ્પ ત્યારે જ પસંદ કરવો જોઇએ જ્યારે આ વિકલ્પ ખરેખર સરેરાશ અથવા મિશ્રપ્રતિભાવ નોંધાવવાનાં તમારા ઇરાદાને પ્રતિબિંબ કરતો હોય. તે મૂળભૂત પ્રતિસાદ તરીકે પસંદ થયેલ હોવું જોઇએ નહિ.

## મદદ

લૉગિનની સમસ્યાઓ અથવા તકનીકી પ્રશ્નો માટે, કૃપા કરીને ઓઆરઆઇએમએ રિસર્ચને ૧૮૦૦ ૬૫૪ ૫૮૫ (કામના કલાકો દરમ્યાન નિઃશુલ્ક નંબર) પર ફોન કરો અથવા ઇમેલ કરો: pos@orima.com (પૂછપરછો ફક્ત અંગ્રેજીમાં).

**નમસ્તે [શાળા અને પ્રાંગણનું નામ]નાં વિદ્યાર્થીના માતાપિતા/સંભાળકર્તા**

# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ



*અમને અમૂલ્ય પ્રિતસાદ પૂરો પાડવા માટે તમારા બાળકની શાળાનાં અન્ય માતાપિતા અનેસંભાળકર્તાઓ સાથે જોડાવા બદલ તમારો આભાર. તમારો અભિપ્રાય અમને અમારી શાળામાં સુધારા કરવામાં મદદ કરશે.*

કૃપા કરીને તમારા બાળકનું ધોરણ પસંદ કરો:
*જો આ શાળામાં તમારાં એક કરતાં વધુ બાળકો હોય, તો કૃપા કરીને જેનો તાજેતરમાં જન્મદિવસ ગયો હોય તે બાળકનું ધોરણ પસંદ કરો અને બાકીના પ્રશ્નોના જવાબ આપતી વખતે પણ આ જ બાળક વિશે વિચારશો. એક સમાન જન્મદિવસ હોય તેવા બાળકોનાં કિસ્સામાં, કૃપયા સર્વેક્ષણનાં બાકીનાં પ્રશ્નોનાં જવાબ માટે કોઇક એક વિશે વિચારશો.*

1 ફાઉન્ડેશન
2 ધોરણ ૧
3 ધોરણ ૨
4 ધોરણ ૩
5 ધોરણ ૪
6 ધોરણ ૫
7 ધોરણ ૬
8 ધોરણ ૭
9 ધોરણ ૮
10 ધોરણ ૯
11 ધોરણ ૧૦
12 ધોરણ ૧૧
13 ધોરણ ૧૨
14 શ્રેણીકૃત નથી

[If Year level = Year 10, Year 11, or Year 12] હાલમાં તમારું બાળક કઇ લાયકાત મેળવવા ભણી રહ્યું છે?
*કૃપયા નોંધ લેશો: આ પ્રશ્નનો જવાબ આપવાના હેતુથી, જો તમારું બાળક વીસીઇ વોકેશનલ મેજર માટે કામ કરી રહ્યું હોય, તો કૃપા કરીને નીચેનો બીજો વિકલ્પ પસંદ કરો. વધુ માહિતી માટે અહિં ક્લિક કરો.*

1 વિક્ટોરિયન સર્ટિફિકેટ ઓફ એજ્યુકેશન (વીસીઇ)
2 વિક્ટોરિયન સર્ટિફિકેટ ઓફ એજ્યુકેશન (વીસીઇ) વોકેશનલ મેજર
3 વિક્ટોરિયન પાથવેઝ સર્ટિફિકેટ (વીપીસી)

4 ઇન્ટરનેશનલ બેકાલૉરીએટ (આઇબી)

5 અચોક્કસ

વહેંચણી કરશો નહીં

# તમારા બાળકનાં શિક્ષણ વિશે

નીચેના વિધાનો તમારા બાળકના શિક્ષણનાં પાસાઓનું વર્ણન કરે છે.

કૃપા કરીને દરેક વિધાન માટે તમને યોગ્ય લાગે તે ખાનું પસંદ કરીને તમે કેટલી હદે સંમત અથવા અસંમત છો તે જણાવો.

*કૃપયા તમારા જવાબો ૨૦૨૬માં તમારા અનુભવો પર આધારિત રાખશો. જો તમને એક કરતાં વધુ બાળકો હોય તો, નીચેના પ્રશ્નોનાં જવાબ આપતી વખતે કૃપા કરીને જે બાળકનો જન્મદિવસ તાજેતરમાં ગયો હોય તેના વિશે વિચારશો.*

| | | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|---|
| 1 | મારું બાળક શાળામાં જે શિક્ષણ મેળવે છે તેનો આનંદ માણે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 2 | આ શાળા મારા બાળક સાથે આદરપૂર્વક વર્તાવ કરે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 3 | મારા બાળકને આ વર્ષે તેના નવા વર્ષના સ્તરને અનુરૂપ થવા માટે ટેકો આપવામાં આવ્યો છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 4 | મારું બાળક શાળામાં સલામતી અનુભવે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 5 | ગુંડાગીરીની વર્તણૂંકોનો સામનો કરવા માટે મારું બાળક શાળામાં શીખેલા કૌશલ્યો અને વ્યૂહરચનાઓ વિશે આત્મવિશ્વાસ અનુભવે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 6 | મારું બાળક શાળામાં અન્ય વિદ્યાર્થીઓ દ્વારા સ્વીકૃત હોવાની લાગણી અનુભવે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 7 | આ શાળા મારા બાળકને જવાબદારીની ભાવના વિકસાવવા માટેની તકો પૂરી પાડે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 8 | આ શાળાના શૈક્ષણિક ધોરણો મારા બાળક માટે પર્યાપ્ત પડકાર પ્રદાન કરે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 9 | જ્યારે શીખવું મુશ્કેલ હોય ત્યારે આ શાળા મારા બાળકને દૃઢતાપૂર્વક ભણવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|---|
| 10 | મારું બાળક, તેના વર્ગ કાર્ય સાથે સંબંધિત તેની રૂચિ અનુસાર અન્વેષણ કરી શકે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 11 | મારા બાળકને તાજેતરમાં જ શાળામાં રંજાડવામાં આવ્યો છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 12 | આ શાળા મારાં બાળકને નિર્ણયો લેવાની અને કોયડા ઉકેલવાની તકો આપે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|
| 13 આ શાળા મારા બાળકની રુચિ અને ક્ષમતાઓ અનુસાર વૈવિધ્યસભર કાર્યક્રમો પ્રદાન કરે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 14 આ શાળા મારા બાળકને આત્મવિશ્વાસ કેળવવાની તક આપે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 15 આ શાળા મારા બાળકને શાળાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તકો આપે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 16 મારા બાળકને તેના ગૃહકાર્ય અને/અથવા શાળા કાર્યના બોજાના સંચાલનમાં મદદ કરવા માટે વ્યવસ્થાત્મક કુશળતાઓ શીખવવામાં આવે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 17 આ શાળા મને મારા બાળકના શિક્ષણમાં ભાગ લેવાની તકો આપે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 18 મને વિશ્વાસ છે કે આ શાળા મારા બાળકના શિક્ષણ માટે સારું ધોરણ પ્રદાન કરે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| [ફક્ત ખાસ શાળાઓ માટે જ] મારા બાળકનું 'સ્ટુડન્ટ સપોર્ટ ગ્રુપ' જે રીતે કામ કરે છે તેનાથી હું સંતુષ્ટ છું | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| [ફક્ત ખાસ શાળાઓ માટે જ] મારા બાળકને જે નિષ્ણાંત સહયોગ સેવાઓ મળે છે તે ઉચ્ચ ગુણવત્તાની છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

નમસ્તે [શાળા અને પ્રાંગણનું નામ]નાં વિદ્યાર્થીના માતાપિતા/સંભાળકર્તા

# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ



## આ શાળાનાં શિક્ષકો વિશે

નીચેના વિધાનો તમારા બાળકના શિક્ષકોના પાસાઓનું વર્ણન કરે છે.

કૃપા કરીને દરેક વિધાન માટે તમને યોગ્ય લાગે તે ખાનું પસંદ કરીને તમે કેટલી હદે સંમત અથવા અસંમત છો તે જણાવો.

*કૃપયા તમારા જવાબો ૨૦૨૬માં તમારા અનુભવો પર આધારિત રાખશો. જો તમને એક કરતાં વધુ બાળકો હોય તો, નીચેના પ્રશ્નોનાં જવાબ આપતી વખતે કૃપા કરીને જે બાળકનો જન્મદિવસ તાજેતરમાં ગયો હોય તેના વિશે વિચારશો.*

| | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|
| 19 શિક્ષકો શિક્ષણ પ્રત્યે ઉત્સાહી અને સકારાત્મક છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 20 આ શાળામાં શિક્ષકો અને માતાપિતા/સંભાળકર્તાઓ વચ્ચે અસરકારક દ્વિ-માર્ગીય સંચાર થાય છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 21 જ્યારે જરૂર હોય ત્યારે મારું બાળક અભ્યાસમાં શિક્ષક પાસેથી વધારાની મદદ મેળવે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 22 આ શાળાના શિક્ષકો મારું બાળક તેના શ્રેષ્ઠ પ્રયાસો કરે તેવી અપેક્ષા રાખે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 23 મારા બાળકની પ્રગતિ વિશે શિક્ષકો મારી સાથે જેટલીવાર વાતચીત કરે છે તે પૂરતી છે (દા.ત. શિક્ષણ, સુખાકારી અને સહભાગીતા/હાજરી જેવા ક્ષેત્રોમાં પ્રગતિ) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 24 શિક્ષકો મારા બાળકની શૈક્ષણિક જરૂરિયાતો વિષયક ઉપયોગી પ્રતિભાવ અને પ્રતિસાદ આપે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 25 મારાં બાળક માટેનો અહેવાલ સમજવામાં સરળ છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 26 મારાં બાળક માટેનો અહેવાલ તેમની સિદ્ધિઓ અને પ્રગતિઓ સ્પષ્ટ રીતે દર્શાવે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 27 મારા બાળકનું આંકલન કેવી રીતે થાય છે તેની મને સમજ છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 28 શિક્ષકો ભણતરને આકર્ષક બનાવવામાં ખૂબ કુશળ છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|
| 29 મારું બાળક શીખવા માટે શિક્ષકો તરફથી પ્રોત્સાહન મેળવે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 30 આ શાળાના શિક્ષકો હકારાત્મક વર્તણૂકનું દૃષ્ટાંત પૂરું પાડે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

**નમસ્તે [શાળા અને પ્રાંગણનું નામ]નાં વિદ્યાર્થીના માતાપિતા/સંભાળકર્તા/વાલી**

# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ



*તમે સર્વેક્ષણમાં લગભગ અડધે સુધી પહોંચી ગયા છો. બધાં વિદ્યાર્થીઓ માટે અમારી શાળામાં સુધારા કરવા માટે તમારો અભિપ્રાય અમૂલ્ય છે.*

## અમારી શાળા વિશે

નીચેના વિધાનો શાળાના વાતાવરણના પાસાઓ અને શાળા સમુદાય સાથેના સંબંધનું વર્ણન કરે છે.

કૃપા કરીને દરેક વિધાન માટે તમને યોગ્ય લાગે તે ખાનું પસંદ કરીને તમે કેટલી હદે સંમત અથવા અસંમત છો તે જણાવો.

*કૃપયા તમારા જવાબો ૨૦૨૬માં તમારા અનુભવો પર આધારિત રાખશો. જો તમને એક કરતાં વધુ બાળકો હોય તો, નીચેના પ્રશ્નોનાં જવાબ આપતી વખતે કૃપા કરીને જે બાળકનો જન્મદિવસ તાજેતરમાં ગયો હોય તેના વિશે વિચારશો.*

| | | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|---|
| 31 | આ શાળામાં સ્વચ્છ અને સારી રીતે જાળવવામાં આવેલી સુવિધાઓ અને મેદાનો છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 32 | શાળાનાં કાયમી સંચાર માધ્યમો દ્વારા મને જોઇતી માહિતી હું મેળવી શકું છું | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 33 | આ શાળા માતાપિતા/સંભાળકર્તાઓના યોગદાનને મહત્ત્વ આપે છે તેવું હું અનુભવું છું | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 34 | મને કોઇ ચિંતા હોય તો આ શાળાનો સંપર્ક કરવામાં હું સહજતા અનુભવું છું | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 35 | આ શાળાનો સ્થાનિક સમુદાય સાથે મજબૂત સંબંધ છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 36 | આ શાળા તમામ સાંસ્કૃતિક માન્યતાઓ અને પ્રથાઓનો આદર કરવાનો મહત્ત્વપૂર્ણ સંદેશો આપે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|
| 37 આ શાળા માતાપિતા/સંભાળકર્તાઓની ચિંતાઓને ગંભીરપણે લે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 38 આ શાળા મારા પરિવારની માન્યતાઓ અને ઇચ્છાઓનો આદર કરે છે અને તેને મહત્ત્વ આપે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 39 આ શાળા હંમેશા તેમાં આપવામાં આવી રહેલ શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવાનો લક્ષ્ય રાખે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 40 આ શાળા વિદ્યાર્થીઓની હકારાત્મક વર્તણૂંકને સતત પ્રોત્સાહન આપવાનો અભિગમ ધરાવે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 41 આ શાળાને તેની શક્તિઓ અને સુધારણા કરવા લાયક ક્ષેત્રોની સ્પષ્ટ સમજ છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 42 આ શાળા તમામ ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓની સિદ્ધિઓની ઉજવણી કરે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

વહેંચણી કરશો નહીં

THE EDUCATION STATE — VICTORIA State Government — Department of Education — ORIMA

**નમસ્તે [શાળા અને પ્રાંગણનું નામ]નાં વિદ્યાર્થીના માતાપિતા/સંભાળકર્તા**

# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ



## સલામતી અને સુખાકારી

નીચેના વિધાનો શાળામાં સલામતી અને સુખાકારીનાં પાસાંનનું વર્ણન કરે છે.

કૃપા કરીને દરેક વિધાન માટે તમને યોગ્ય લાગે તે ખાનું પસંદ કરીને તમે કેટલી હદે સંમત અથવા અસંમત છો તે જણાવો.

*કૃપયા તમારા જવાબો ૨૦૨૬માં તમારા અનુભવ પર આધારિત રાખશો અને મોટાભાગે તમે કેવી લાગણી અનુભવો છો તે ધ્યાન પર લેશો. જો તમને એક કરતાં વધુ બાળકો હોય તો, નીચેના પ્રશ્નોનાં જવાબ આપતી વખતે કૃપા કરીને જે બાળકનો જન્મદિવસ તાજેતરમાં ગયો હોય તેના વિશે વિચારશો.*

| | | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|---|
| 43 | શાળા મારા બાળકની સલામતીની પરવાહ કરે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 44 | શાળા મારા બાળકની સુખાકારીની પરવાહ કરે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 45 | મારા બાળકની સલામતી અને સુખાકારી માટે હું શાળામાં કોની સાથે વાત કરી શકું તેની મને સમજ છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 46 | આ શાળા જ્યારે જરૂર હોય ત્યારે મારા બાળક માટે સુખાકારી ટેકાની વ્યવસ્થા કરી શકે છે. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 47 | મને જાણ છે કે હું મારા બાળકને ટેકો આપી શકું તેમાં સહાય કરવા માટે આ શાળા મારા પરિવારને સેવાઓ સાથે જોડી શકે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

THE EDUCATION STATE | VICTORIA State Government Department of Education | ORIMA

નમસ્તે [શાળા અને પ્રાંગણનું નામ]નાં વિદ્યાર્થીના માતાપિતા/સંભાળકર્તા

# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ



*તમે લગભગ સર્વેક્ષણનાં અંત સુધી પહોંચી ગયા છો. તમારો અમૂલ્ય અભિપ્રાય આપવા માટે તમે સમય કાઢ્યો તે બદલ અમે આભારી છીએ.*

## શિક્ષણ અને વિદ્યાર્થીની હાજરીમાં સહાય

કૃપા કરીને દરેક વિધાન માટે તમને યોગ્ય લાગે તે ખાનું પસંદ કરીને તમે કેટલી હદે સંમત અથવા અસંમત છો તે જણાવો.

*કૃપયા તમારા જવાબો ૨૦૨૬માં તમારા અનુભવ પર આધારિત રાખશો અને મોટાભાગે તમે કેવી લાગણી અનુભવો છો તે ધ્યાન પર લેશો. જો તમને એક કરતાં વધુ બાળકો હોય તો, નીચેના પ્રશ્નોનાં જવાબ આપતી વખતે કૃપા કરીને જે બાળકનો જન્મદિવસ તાજેતરમાં ગયો હોય તેના વિશે વિચારશો.*

| | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|
| 48 મારા બાળકના અભ્યાસમાં ઘરે ટેકો આપી શકવાનો મને આત્મવિશ્વાસ છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 49 મારા બાળકને અભ્યાસમાં ટેકો આપી શકું તેવી માહિતી આ શાળા મને પૂરી પાડે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

હવે પછીનાં કેટલાંક પ્રશ્નો જો તમારું બાળક શાળા કલાકો સિવાય કોઇ **ખાનગી, ચુકવણી પાત્ર વર્ગો અથવા સત્રો**માં હાજરી આપતું હોય તો તે વિશે છે. તેમાં તમારાં બાળકને શાળા વિષયોમાં મદદ કરવા માટે તમે ચુકવણી કરેલ વર્ગો કે સત્રો, શાળા-આધારિત રમતગમતોની તાલિમ અને પ્રોગ્રામીંગ, નૃત્ય કે ભાષા શીખવા જેવાં કૌશલ્ય આધારિત શિક્ષણનો સમાવેશ થાય છે.

૫૦. **શાળા કલાકો સિવાય**નાં નીચેનાં કયા **ખાનગી, ચુકવણી પાત્ર વર્ગો કે સત્રો**માં તમારું બાળક ભાગ લે છે, જો કોઇમાં લેતું હોય તો? [કૃપયા લાગું પડતું બધું જ પસંદ કરશો]

કૃપયા તમારા જવાબો ૨૦૨૬માં તમારા અનુભવ પર આધારિત રાખશો. જો તમને એક કરતાં વધુ બાળકો હોય તો, નીચેના પ્રશ્નોનાં જવાબ આપતી વખતે કૃપા કરીને જે બાળકનો જન્મદિવસ તાજેતરમાં ગયો હોય તેના વિશે વિચારશો.

૧ અંગ્રેજી દા.ત., અંગ્રેજી વર્ગો કે સત્રો)

૨ ગણિત (દા.ત., ગણિતનાં વર્ગો કે સત્રો, મેથ્સ ક્લબ)

૩ કળા (દા.ત., નૃત્ય, નાટક, સંગીત, મીડિયા આર્ટ્સ, વિઝ્યુઅલ આર્ટ્સ, વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઇન વર્ગો કે સત્રો)

૪ માનવશાસ્ત્ર (દા.ત., ભૂગોળ, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને વેપાર, નાગરિકશાસ્ત્ર અને નાગરિકતા વર્ગો કે સત્રો)

૫ વિજ્ઞાન (દા.ત., વિજ્ઞાન ક્લબો, વિજ્ઞાન વર્ગો કે સત્રો)

૬ ભાષાઓ (દા.ત., અંગ્રેજી સિવાયની અન્ય ભાષા શીખવા માટેનાં વર્ગો કે સત્રો)

૭ ટેક્નોલોજીઓ (દા.ત., કોડીંગનાં વર્ગો કે સત્રો, રોબોટિક્સ કલ્બો)

૮ આરોગ્ય, શારીરિક શિક્ષણ અને રમતગમત (દા.ત., આરોગ્ય, સલામતી, સુખાકારી, શારીરિક પ્રવૃત્તિને લગતાં વિષય-આધારિત વર્ગો કે સત્રો અથવા શાળા-આધારિત રમતગમતમાં કૌશલ્ય આધારિત તાલિમ કે વર્ગો (દા.ત., બહાર તરવાની તાલિમ લેવા જેવી રમતોમાં ભાગ લેવો)

૯ અન્ય

૧૦ ઉપરનાં કોઇ નહીં - મારું બાળક શાળા કલાકો સિવાય કોઇ ખાનગી, ચુકવણી પાત્ર વર્ગો કે સત્રોમાં ભાગ લેતું નથી [વિશિષ્ટ]

સરેરાશ તમારું બાળક ખાનગી, ચુકવણી પાત્ર વર્ગોમાં કેટલીવાર ભાગ લે છે? (કૃપયા દરેક શ્રેણી માટે સૌથી યોગ્ય આવર્તન પસંદ કરો)

| | દરરોજ | દર અઠવાડિયે ૫થી ૬ દિવસ | દર અઠવાડિયે ૩થી ૪ દિવસ | દર અઠવાડિયે ૧થી ૨ દિવસ | દર બે અઠવાડિયે એકવાર (પખવાડિક) | દર મહિને એકવાર | દર મહિને એકવાર થી ઓછું / ક્યારેક |
|---|---|---|---|---|---|---|---|
| 51 [Ask if Q50.1=1] અંગ્રેજી (દા.ત., અંગ્રેજી વર્ગો કે સત્રો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| 52 [Ask if Q50.2=1] ગણિત (દા.ત., ગણિતનાં વર્ગો કે સત્રો, મેથ્સ કલબો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| 53 [Ask if Q50.3=1] કળા (દા.ત., નૃત્ય, નાટક, સંગીત, મીડિયા આર્ટ્સ, વિઝ્યુઅલ આર્ટ્સ, વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઇન વર્ગો કે સત્રો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| 54 [Ask if Q50.4=1] માનવશાસ્ત્ર (દા.ત., ભૂગોળ, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને વેપાર, નાગરિકશાસ્ત્ર અને નાગરિકતા વર્ગો કે સત્રો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| 55 [Ask if Q50.5=1] વિજ્ઞાન (દા.ત., વિજ્ઞાન કલબો, વિજ્ઞાન વર્ગો કે સત્રો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| 56 [Ask if Q50.6=1] ભાષાઓ (દા.ત., અંગ્રેજી સિવાયની અન્ય ભાષા શીખવા માટેનાં વર્ગો કે સત્રો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| 57 [Ask if Q50.7=1] ટેક્નોલોજીઓ (દા.ત., કોડીંગનાં વર્ગો કે સત્રો, રોબોટિક્સ કલ્બો) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| 58 [Ask if Q50.8=1] આરોગ્ય, શારીરિક શિક્ષણ અને રમતગમત (દા.ત., આરોગ્ય, સલામતી, સુખાકારી, | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

| | દરરોજ | દર અઠવાડિયે ૫થી ૬ દિવસ | દર અઠવાડિયે ૩થી ૪ દિવસ | દર અઠવાડિયે ૧થી ૨ દિવસ | દર બે અઠવાડિયે એકવાર (પખવાડિક) | દર મહિને એકવાર | દર મહિને એકવાર થી ઓછું / ક્યારેક |
|---|---|---|---|---|---|---|---|
| શારીરિક પ્રવૃત્તિને લગતાં વિષય-આધારિત વર્ગો કે સત્રો અથવા શાળા-આધારિત રમતગમતમાં કૌશલ્ય આધારિત તાલિમ કે વર્ગો (દા.ત., બહાર તરવાની તાલિમ લેવા જેવી રમતોમાં ભાગ લેવો) | | | | | | | |
| 59 [Ask if Q50.9=1] અન્ય ખાનગી ચુકવણી પાત્ર વર્ગો કે સત્રો | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

નીચેનાં નિવેદનો શાળામાં હાજરી અને ગેરહાજરી બાબતમાં પૂછે છે. જ્યારે આ પ્રશ્નોનાં પ્રતિસાદ આપો ત્યારે ગેરહાજરીનો અર્થ આખા દિવસની ગેરહાજરી, અંશતઃ કે અડધા દિવસની ગેરહાજરી અથવા મોડા આવવું/વહેલાં જવું એવો લેશો.

60. મારા બાળકની ગેરહાજરી વિશે શાળા મારી સાથે મુક્ત ચર્ચાને પ્રાધાન્ય આપે છે.

1 સંપૂર્ણપણે અસંમત
2 અસંમત
3 સંમત પણ નહિ ને અસંમત પણ નહિ
4 સંમત
5 સંપૂર્ણપણે સંમત
6 લાગુ પડતું નથી - મારા બાળકની ગેરહાજરી બાબતમાં ચિંતા નથી

61. શાળા મારા બાળકની હાજરી વધારવા તેમની સાથે કામ કરવા માટે મને તક આપે છે.

1 સંપૂર્ણપણે અસંમત
2 અસંમત
3 સંમત પણ નહિ ને અસંમત પણ નહિ
4 સંમત
5 સંપૂર્ણપણે સંમત
6 લાગુ પડતું નથી - મારા બાળકની હાજરી બાબતમાં ચિંતા નથી

62. મારા બાળકની હાજરી બાબતમાં શાળા મારી સાથે ફોન કોલ, ઇમેલ, પત્રવ્યવહાર અથવા ટેક્સ મેસેજ દ્વારા સીધી વાતચીત કરે છે.

1 સંપૂર્ણપણે અસંમત
2 અસંમત
3 સંમત પણ નહિ ને અસંમત પણ નહિ
4 સંમત
5 સંપૂર્ણપણે સંમત

63. આખા શાળા વર્ષ દરમ્યાન, શાળા હાજરીની અપેક્ષાઓ અને પરિપૂર્ણતાઓ બાબતમાં સમુદાય સાથે વાતચીત કરે છે.

1 ક્યારેય નહીં

2 ભાગ્યે જ

3 ક્યારેક

4 ઘણીવાર

5 હંમેશા

64. માતાપિતા/સંભાળકર્તા તરીકે મારી જવાબદારીઓ અને જો હાજરીની અપેક્ષાઓ ન સંતોષાય તો શાળા શું પગલાં લેશે તે સહિતની શાળાની હાજરી નીતિથી હું જાણકાર છું.

1 સહેજે જાણકારી નથી

2 થોડાક અંશે જાણકારી છે

3 કેટલીક જાણકારી છે

4 ઘણી ખરી જાણકારી છે

5 ઘણી જાણકારી છે

65. શાળાનું ઓનલાઇન પોર્ટલ/એપ મને મારા બાળકની ગેરહાજરીનું કારણ ચોક્કસપણે નોંધવા દે છે.

1 સંપૂર્ણપણે અસંમત

2 અસંમત

3 સંમત પણ નહિ ને અસંમત પણ નહિ

4 સંમત

5 સંપૂર્ણપણે સંમત

6 લાગું પડતું નથી - આ હેતુ માટે મારે હજી સુધી ઓનલાઇન પોર્ટલ/એપનો ઉપયોગ કરવો પડ્યો નથી.

66. જો ક્યારેક હું મારા બાળકની ગેરહાજરીની જાણ શાળાને કરવાનું ભુલી જાઉં તો, તેઓ તે જ દિવસે જાણકારી મેળવવા મારો સંપર્ક કરે છે.

1 ક્યારેય નહીં

2 લગભગ ક્યારેય નહીં

3 ક્યારેક

4 લગભગ દર વખતે

5 દર વખતે

6 લાગુ પડતું નથી - હું શાળાને જાણ કરવાનું ભૂલી/ભૂલ્યો નથી.

67. જો તમારું બાળક ઘણાં દિવસો સુધી શાળાએ ન જાય તો, શાળા તમને જાણકારી મેળવવા કેટલીવાર ફોન અથવા ઇમેલ કરે છે?

1 ક્યારેય નહીં

2 ભાગ્યે જ

3 ક્યારેક

4 ઘણીવાર

5 હંમેશા

ઉપયોગ કરશો નહીં

6 લાગુ પડતું નથી - મારું બાળક ઘણા દિવસો સુધી શાળામાં ગેરહાજર રહેતું નથી.

68. સામાન્ય રીતે તમારાં બાળક વિશે વિચારતાં, તમને શું લાગે છે કયા સંજોગોમાં તેઓ આખો દિવસ શાળા ન જાય તે વ્યાજબી છે? *[કૃપયા લાગું પડતું બધું જ પસંદ કરશો]*

1 જ્યારે તેઓ થોડાક અસ્વસ્થ હોય (દા.ત., ક્યારેક નાકમાંથી પાણી નીકળવું, બંધ નાક કે ખાંસી, માથું દુખવું, શરદી અથવા પેટમાં દુખવું)

2 જ્યારે તેઓ ગંભીર રીતે બિમાર હોય (દા.ત., તેમણે ડૉક્ટર પાસે જવું પડે અથવા આખો દિવસ પથારીમાં વીતાવવો પડે)

3 જ્યારે તેઓ બિમાર હોય અને અન્યોને બિમારીનો ચેપ લાગતાં અટકાવવા ઘરે રહેવાની જરૂર હોય

4 જ્યારે તેમનાં ભાઇ-બહેન અસ્વસ્થ હોય

5 જ્યારે તેમને શાળામાં મિત્રતા, દાદાગીરી કે સામાજિક પરેશાનીઓ આવી રહી હોય

6 જ્યારે તેમને એક દિવસ સુખાકારી કે આરામની જરૂર હોય

7 જ્યારે અમે પારિવારિક રજાઓ માટે જઇએ છીએ

8 જ્યારે તેમનો જન્મદિવસ કે બીજા ખાસ દિવસ હોય (દા.ત., ધાર્મિક રજાનો દિવસ, પારિવારિક પ્રસંગ કે ઉજવણી)

9 પારિવારિક કટોકટી માટે

10 જો તેમની એપોઇન્ટમેન્ટ હોય (દા.ત., ડૉક્ટર, દાંતનાં ડૉક્ટર, ચિકિત્સક, અન્ય તબીબી એપોઇન્ટમેન્ટ)

11 જો તેમને શાળાની બહાર પ્રવૃત્તિઓમાં હાજરી આપવાની હોય (દા.ત., રમતગમત, સંગીત, વગેરે)

12 જ્યારે હું મુશ્કેલી અનુભવું, અસ્વસ્થ હોવ કે અન્ય વસ્તુઓથી અત્યંત લાગણી સભર થઇ જઉં અને તેમને શાળાએ ન લઇ જઇ શકું

13 જ્યારે તેમને સામાન્ય માનસિક આરોગ્ય વિષયક ચિંતા હોય (દા.ત., ઉદાસીનતા, હળવી ખિન્નતા, અથવા હળવો તણાવ)

14 જ્યારે તેઓ શાળામાં હાજરી આપવાનાં સંબંધમાં કેટલાક સમય માટે માનસિક આરોગ્ય વિષયક મુશ્કેલી કે નોંધપાત્ર ભાવનાત્મક તણાવ અનુભવે

15 જ્યારે તેમને જરૂરી વસ્તુઓ સાથે તેમને શાળાએ મોકલવાની મારી ક્ષમતાને આર્થિક બાબતો અસર કરે

16 જ્યારે ઋતુ સારી ન હોય (દા.ત., ખૂબ ગરમી/ઠંડી/વરસાદ હોય)

17 જો જાહેર પરિવહન ઉપલબ્ધ ન હોય (સ્કુલ બસ સહિત)

18 જો મારે તેનાં ભાઇબહેન(ભાઇબહેનો) અથવા અન્ય કુટુંબીજન(કુટુંબીજનો)ની સંભાળ લેવામાં તેમની મદદની જરૂર હોય

19 અન્ય *(કૃપયા સ્પષ્ટતા કરો)* __________

નમસ્તે [શાળા અને પ્રાંગણનું નામ]નાં વિદ્યાર્થીના માતાપિતા/સંભાળકર્તા

# ૨૦૨૬ માતાપિતા/સંભાળકર્તાના અભિપ્રાય માટેનું સર્વેક્ષણ



## શાળા વિષયક સર્વસાધારણ સંતોષ

કૃપા કરીને દરેક વિધાન માટે તમને યોગ્ય લાગે તે ખાનું પસંદ કરીને તમે કેટલી હદે સંમત અથવા અસંમત છો તે જણાવો.

*કૃપયા તમારા જવાબો ૨૦૨૬માં તમારા અનુભવ પર આધારિત રાખશો અને મોટાભાગે તમે કેવી લાગણી અનુભવો છો તે ધ્યાન પર લેશો.*

| | સંપૂર્ણપણે અસંમત | અસંમત | સંમત પણ નહિ ને અસંમત પણ નહિ | સંમત | સંપૂર્ણપણે સંમત |
|---|---|---|---|---|---|
| 69 મને વિશ્વાસ છે કે વિક્ટોરિયાની સરકારી શિક્ષણ વ્યવસ્થા વિદ્યાર્થીઓને તેમના જીવનના આગલા તબક્કા માટે તૈયાર કરે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 70 મને વિશ્વાસ છે કે આ શાળા વિદ્યાર્થીઓને તેમના જીવનના આગલા તબક્કા માટે તૈયાર કરે છે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 71 મને વિક્ટોરિયાની **સરકારી શાળા વ્યવસ્થા**માં ("સરકારી શાળાઓ"ને રાજ્યની અથવા જાહેર શાળાઓ પણ કહે છે, વિશ્વાસ છે. 'વિશ્વાસ' એટલે વિશ્વાસ છે કે શાળાઓ વિદ્યાર્થીઓને સારું શિક્ષણ પૂરું પાડે છે, અને વિદ્યાર્થીઓને તેમના જીવનના આગલા તબક્ક માટે તૈયાર કરે છે.) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| 72 એકંદરે, મારું બાળક આ શાળામાં જે શિક્ષણ મેળવે છે તેનાથી હું સંતુષ્ટ છું | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

# વસ્તી વિષયક માહિતી

તમે વધુમાં વધુ કેટલા સ્તર સુધી શિક્ષણ મેળવ્યું છે?

1 અનુસ્નાતક ડિગ્રી
2 સ્નાતક ડિપ્લોમા/સ્નાતક પ્રમાણપત્ર
3 બેચલર ડિગ્રી
4 એડવાન્સ ડિપ્લોમા/ડિપ્લોમા
5 સર્ટિફિકેટ ૩/૪
6 ધોરણ ૧૨
7 ધોરણ ૧૧
8 ધોરણ ૧૦
9 સર્ટિફિકેટ ૧/૨
10 ધોરણ ૯ અને તેથી ઓછું
11 ન કહેવાનું પસંદ કરું છું

તમારી શાળા તમારા પ્રતિભાવને મહત્ત્વ આપે છે, જો તમારે અન્ય કોઇ ટિપ્પણી કરવાની હોય, તો કૃપા કરીને તમારી શાળાનો સીધો સંપર્ક કરશો. જો તમે ખાતા સમક્ષ તમારા બાળકના શિક્ષણ અંગે ચિંતા વ્યક્ત કરવા માંગતા હોવ તો, વધુ માર્ગદર્શન માટે કૃપા કરીને મુલાકાત લો: *પ્રતિભાવ અને ફરિયાદ | વિક્ટોરિયાની સરકાર (www.vic.gov.au)*.

**સર્વેક્ષણ અહીં પૂર્ણ થાય છે!**

ભાગ લેવા બદલ આભાર. તમારો પ્રતિભાવ મહત્ત્વપૂર્ણ છે અને તેનો ઉપયોગ શાળાની સુધારણા માટે થશે.

સર્વેક્ષણનાં તમારા જવાબો મોકલવા કૃપા કરીને નીચે ખરાંની નિશાનીવાળા બટન પર ક્લિક કરો.

[એકવાર મોકલાઇ જાય પછી દર્શાવવાનો સંદેશ]

સર્વેક્ષણના તમારા જવાબો મોકલવા બદલ આભાર. હવે તમે આ વિન્ડો બંધ કરી શકો છો.